**GUJARAT BILL NO. 13 OF 2022.**

# THE GUJARAT APPROPRIATION ACTS (REPEAL) BILL, 2022.

***A BILL***

*to repeal the Gujarat Appropriation Act,1980 and the Gujarat Appropriation (Vote on Account) Act, 1980 enacted by the Parliament of India during the year 1980.*

**સન ૨૦૨૨-નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩ .**

## ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૨.

વર્ષ ૧૯૮૦ દરમિયાન ભારતની સંસદ દ્વારા અધિનિયમિત કરવામાં આવેલા ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૮૦ અને ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૮૦ રદ કરવા બાબત વિધેયક.

રામાનુજમ સમિતિએ, રાજ્ય વિધાનમંડળ દ્વારા (સન) ૧૯૭૭થી અધિનિયમિત કરવામાં આવેલા રાજ્ય વિનિયોગ અધિનિયમો રદ કરવા માટેની ભલામણ કરી છે તેમજ ‘‘અપ્રચલિત કાયદા’’ ઉપરના ભારતીય કાયદા પંચના ૨૪૮મા, ૨૪૯મા, ૨૫૦મા અને ૨૫૧મા અહેવાલને લક્ષમાં લેતાં, ભારતની સંસદ દ્વારા (સન) ૧૯૮૦ના વર્ષમાં ગુજરાત રાજ્ય માટે અધિનિયમિત કરેલા વિનિયોગ અધિનિયમો રદ કરવાનું જરૂરી જણાયું છે.

**તેથી, હવે,** રાજ્ય વિધાનમંડળ દ્વારા ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૮૦ (સન ૧૯૮૦નો ૨૩મો) અને ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૮૦ (સન ૧૯૮૦નો ૨૪મો) રદ કરવા જરૂરી છે;

આથી, ભારતના ગણરાજયમાં તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

**૧.** આ અધિનિયમ ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે.

વિનિયોગ અધિનિયમો રદ કરવા બાબત.

**૨.** અનુસૂચિમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા અધિનિયમનો, આથી, તેના કોલમ (૫) માં જણાવેલા પ્રમાણમાં રદ કરવામાં આવે છે.

અપવાદ.

**3.** આ અધિનિયમથી રદ થયેલા કોઇ અધિનિયમનથી, રદ થયેલો અધિનિયમન જેને લાગુ પાડેલા હોય, જેમાં સમાવિષ્ટ કરેલા હોય અથવા જેમાં તેનો ઉલ્લેખ કર્યો હોય તેવા અન્ય કોઇ અધિનિયમનને અસર થશે નહિ.

અને આ અધિનિયમથી, અગાઉ કરેલા અથવા થયેલા કોઇ કૃત્ય અથવા અગાઉ સંપાદિત કરેલા, ઊભા કરેલા અથવા વહોરેલા કોઇ હક, માલિકીહક, જવાબદારી અથવા જુમ્મેદારી અથવા તે સંબંધી કોઇ ઉપાય અથવા કાર્યવાહી અથવા કોઇ મુક્તિ અથવા બોજામુક્તિ અથવા કોઇ દેવા, શિક્ષા, જવાબદારી, જુમ્મેદારી, દાવા અથવા માગણી અથવા અગાઉ મંજૂર કરેલી કોઇ ક્ષતિપૂર્તી અથવા અગાઉના કોઇ ભૂતકાળના કૃત્ય અથવા બાબતના પુરાવાની માન્યતા, અમાન્યતા, અસર અથવા પરિણામોને કોઇ અસર થશે નહિ.

આ અધિનિયમથી, અહીં રદ કરેલા કોઇ અધિનિયમનથી અથવા તેમાંના અથવા તેમાંથી બહાલ રાખેલ અથવા માન્ય ઠરાવેલા અથવા મેળવેલા કાયદાના કોઇ સિદ્ધાંત અથવા નિયમ અથવા સ્થાપિત હકૂમત  અથવા દલીલના સ્વરૂપ અથવા પ્રણાલી અથવા કાર્યરીતિ અથવા વિદ્યમાન વિશેષાધિકાર, નિયંત્રણ, મુક્તિ, હોદ્દો અથવા નિમણૂકને, તે અનુક્રમે કોઇ રીતે બહાલ રાખેલા અથવા માન્ય ઠરાવેલા અથવા મેળવેલા હોય તેમ છતાં, અસર થશે નહિ.

આ અધિનિયમથી રદ કરેલા કોઇપણ અધિનિયમનોથી, હાલમાં વિદ્યમાન અથવા અમલમાં ન હોય તેવા કોઇ હકૂમત, હોદ્દો, જવાબદારી, હક, માલિકીહક, વિશેષાધિકાર, નિયંત્રણ, મુક્તિ, પ્રણાલી, કાર્યરીતિ અથવા બીજી બાબત અથવા કૃત્ય, પુનઃઅમલી અથવા પુનઃસ્થાપિત થશે નહિ.

આ અધિનિયમથી રદ કરેલા કોઇપણ અધિનિયમનોથી, કોઇ સત્તામંડળ દ્વારા કરવાના કોઇ ઓડિટ, પરિક્ષણ, હિસાબો, અન્વેષણ, તપાસ અથવા તે સંબંધમાં લીધેલા અથવા લેવાના અન્ય કોઇ પગલાંને અસર થશે નહિ અને એવા ઓડિટ, પરિક્ષણ, હિસાબો,

અન્વેષણ, તપાસ અથવા પગલાં એવી રીતે લઇ શકાશે અથવા ચાલુ રાખી શકાશે જાણે કે સદરહુ અધિનિયમનો આ અધિનિયમ હેઠળ રદ કરેલા ન હોય.

**સ્પષ્ટીકરણ**.- આ અધિનિયમના હેતુ માટે, "વિનિયોગ અધિનિયમો" એ શબ્દપ્રયોગમાં, અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અધિનિયમોનો સમાવેશ થશે.

## અનુસૂચિ

(જુઓ કલમ ૨)

| **અનુક્રમાંક** | **અધિનિયમ ક્રમાંક** | **વર્ષ** | **ટૂંકી સંજ્ઞા** | **કેટલે અંશે રદ કર્યો છે તે બાબત** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) | (૫) |
| ૧. | ૨૩ | ૧૯૮૦ | ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૮૦. | સમગ્ર |
| ૨. | ૨૪ | ૧૯૮૦ | ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૮૦. | સમગ્ર |

## ઉદ્દેશો અને કારણો

રામાનુજમ સમિતિએ, રાજ્ય વિધાનમંડળ દ્વારા (સન) ૧૯૭૭થી અધિનિયમિત કરવામાં આવેલા રાજ્ય વિનિયોગ અધિનિયમો રદ કરવા માટેની ભલામણ કરી છે તેમજ ''અપ્રચલિત કાયદા'' ઉપરના ભારતીય કાયદા પંચના ૨૪૮મા, ૨૪૯મા, ૨૫૦મા અને ૨૫૧મા અહેવાલને લક્ષમાં લેતાં, ભારતની સંસદ દ્વારા (સન) ૧૯૮૦ના વર્ષમાં ગુજરાત રાજ્ય માટે અધિનિયમિત કરેલા વિનિયોગ અધિનિયમો રદ કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, ભારતની સંસદ દ્વારા અધિનિયમિત કરવામાં આવેલા ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૮૦ (સન ૧૯૮૦ના ૨૩મા) અને ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૮૦ (સન ૧૯૮૦ના ૨૪મા)ને, હવે રાજ્ય વિધાનમંડળ દ્વારા રદ કરવાની જરૂર જણાય છે.

ચોક્કસ નાણાકીય વર્ષ પછી, વિનિયોગ અધિનિયમો પોતાનું મહત્વ ગુમાવતા હોવાથી, ભૂતકાળના વ્યવહારોને સુરક્ષિત રાખવા માટે, વિધેયકમાં યોગ્ય અપવાદ-ખંડ દાખલ કરવામાં આવ્યો છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ વિનિયોગ અધિનિયમો રદ કરવા ધાર્યું છે.

**તારીખ: ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨.** **કનુભાઈ દેસાઈ.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩.]**

વર્ષ ૧૯૮૦ દરમિયાન ભારતની સંસદ દ્વારા અધિનિયમિત કરવામાં આવેલા ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૮૦ અને ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૮૦ રદ કરવા બાબત વિધેયક.

**[શ્રી કનુભાઈ દેસાઈ,**

**નાણા મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૨ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

## THE GUJARAT APPROPRIATION ACTS (REPEAL) BILL, 2022.

## GUJARAT BILL NO. 13 OF 2022.

### *A BILL*

*to repeal the Gujarat Appropriation Act, 1980 and the Gujarat Appropriation (Vote on Account) Act, 1980 enacted by the Parliament of India during the year 1980.*

**WHEREAS** the Ramanujam Committee has recommended for the repeal of certain State Appropriation Acts enacted since 1977 by the State Legislature as also keeping in view 248th, 249th, 250th and 251st report of the Law Commission of India on "Obsolete Laws", it is considered necessary to repeal the Appropriation Acts enacted by the Parliament of India for the State of Gujarat in the year of 1980;

**NOW, THEREFORE** the Gujarat Appropriation (Vote on Account) Act, 1980 (23 of 1980) and the Gujarat Appropriation Act, 1980 (24 of 1980) are needed to be repealed by the State Legislature;

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows: -

**Short title.** **1.** This Act may be called the Gujarat Appropriation Acts (Repeal) Act, 2022.

**Repeal of Appropriation Acts.** **2.** The enactments specified in the Schedule are hereby repealed to the extent mentioned in column (5) thereof.

**Saving.** **3.** The repeal by this Act of any enactment shall not affect any other enactment in which the repealed enactment has been applied, incorporated or referred to;

and this Act shall not affect the validity, invalidity, effect or consequences of anything already done or suffered, or any right, title, obligation or liability already acquired, accrued or incurred, or any remedy or proceeding in respect thereof, or any release or discharge of or;

from any debt, penalty, obligation, liability, claim or demand, or any indemnity already granted, or the proof of any past act or thing;

nor shall this affect any principle or rule of law, or established jurisdiction, form or course of pleading, practice or procedure, or existing privilege, restriction, exemption, office or appointment, notwithstanding that the same respectively may have been in any manner affirmed or recognized or derived by, in or from any enactment hereby repealed;

nor shall the repeal by this Act of any enactment revive or restore any jurisdiction, office, liability, right, title, privilege, restriction, exemption, practice, procedure or other matter or thing not now existing or in force;

nor shall the repeal of the enactments by this Act affect the audit, examination, accounting, investigation, inquiry or any other action taken or to be taken in relation thereto by any authority and such audit, examination, accounting,

investigation, inquiry or action could be taken, and, or continued as if the said enactments are not repealed by this Act.

***Explanations. -*** For the purpose of this Act, the term "Appropriation Acts" shall include the Acts as specified in the Schedule.

**SCHEDULE**

(*See* section 2)

| **Sr. No.** | **Act No.** | **Year** | **Short Title** | **Extent of repeal** |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 1. | 23 | 1980 | The Gujarat Appropriation (Vote on Account) Act, 1980. | The whole |
| 2. | 24 | 1980 | The Gujarat Appropriation Act, 1980. | The whole |

## STATEMENT OF OBJECTS AND REASONS

The Ramanujam Committee has recommended for the repeal of certain State Appropriation Acts enacted since 1977 by the State Legislature as also keeping in view 248$^{th}$, 249$^{th}$, 250$^{th}$ and 251$^{st}$ report of the Law Commission of India on "Obsolete Laws", it is considered necessary to repeal the Appropriation Acts enacted by the Parliament of India for the State of Gujarat in the year of 1980.

Therefore, the Gujarat Appropriation (Vote on Account) Act, 1980 (23 of 1980) and the Gujarat Appropriation Act, 1980 (24 of 1980) which were enacted by the Parliament of India are now needed to be repealed by the State Legislature.

Since, the Appropriation Acts spend themselves after a particular Financial Year, an appropriate savings clause has been incorporated in the Bill to save the past transactions.

This Bill seeks to repeal the said Appropriation Acts to achieve the aforesaid object.

Dated the 19th September, 2022 **KANUBHAI DESAI.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 13 OF 2022.**

*A BILL*

*to repeal the Gujarat Appropriation Act, 1980 and the Gujarat Appropriation (Vote on Account) Act, 1980 enacted by the Parliament of India during the year 1980.*

**[ SHRI KANUBHAI DESAI,**
**MINISTER FOR FINANCE]**

**(As published in the Gujarat Government Gazette 19th September, 2022)**

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

-----------

Government Central Press, Gandhinagar.